

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-28 ■ અંક-21 ■ તા. 02-6-2024 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# દરિયામાં ચક્રવાત 'રેમલ'નું ડરાવનારું સ્વરૂપ, ૨ મોત





ખતરનાક ચક્રવાત તોફાન રેમલ રવિવારે રાત્રે ૮.૩૦ કલાકે ૧૩૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પશ્ચિમ બંગાળમાં કેનિંગ અને બાંગ્લાદેશના મોંગલામાં ત્રાટક્યું હતું. લેન્ડફોલ ૪ કલાક સુધી ચાલ્યું હતું.આ સમયગાળા દરમિયાન, ઉત્તર અને દક્ષિણ ૨૪ પરગણા, પૂર્વ મેદિનીપુર, દિઘા, કાકદ્વીપ, જયનગર, કોલકાતા, હુગલી અને હાવડાના દરિયાકાંઠાના વિસ્તારોમાં ૯૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો અને વરસાદ થયો હતો.રાજધાની કોલકાતામાં ૧૦૦થી વધુ વૃક્ષો અને વીજળીના થાંભલા ધરાશાયી થયા હતા. રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. કોલકાતા અને સુંદરવનમાં બે લોકોના મોત થયા છે.કોલકાતાના સુભાષ ચંદ્ર બોઝ એરપોર્ટ પર ૨૧ કલાક બાદ ફ્લાઈટ સેવા ફરી શરૂ થઈ છે. તોફાન પહેલા રવિવારે તે બંધ હતું. ૩૯૪ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી.કોલકાતામાં રવિવારે સવારે ૮.૩૦ વાગ્યાથી સોમવારે સવારે ૫.૩૦ વાગ્યાની વચ્ચે ૧૪૬ મિમી વરસાદ નોંધાયો હતો. હલ્દિયામાં ૧૧૦ મીમી, તમલુકમાં ૭૦ મીમી અને નિમેથમાં ૭૦ મીમી વરસાદ નોંધાયો હતો.બાંગ્લાદેશમાં પણ વાવાઝોડાની ભારે અસર જોવા મળી રહી છે. ઢાકાના સોમોય ટીવી અનુસાર બાંગ્લાદેશમાં તોફાનના કારણે ૭ લોકોનાં મોત થયા છે. સરકારે ૧.૫ કરોડ લોકોના ઘરની વીજળી કાપી નાખી છે.હવે તે ૧૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-પૂર્વ તરફ આગળ વધી રહ્યું છે. એટલે કે બંગાળને અડીને આવેલા ત્રિપુરા, આસામ, મેઘાલય અને સિક્કિમમાં તેની અસર જોવા મળશે. જો કે, ત્યાં સુધીમાં તે નબળું પડી ગયું હશે.તોફાનના કારણે પશ્ચિમ બંગાળ ઉપરાંત ઓડિશા, ઝારખંડ અને બિહારના કેટલાક વિસ્તારોમાં ૨૭ અને ૨૮ મેના રોજ વરસાદ પડશે.તોફાન આવતા પહેલાં બંગાળના દરિયાકાંઠાના વિસ્તારોમાંથી લગભગ ૧.૧૦ લાખ લોકોને સુરક્ષિત સ્થળોએ આશ્રયસ્થાનોમાં મોકલવામાં આવ્યા હતા. આમાં મોટાભાગના લોકો દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના છે. રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને એનડીઆરએફની ૧૬ ટીમ દરિયાકાંઠાના વિસ્તારોમાં તૈનાત છે.તે જ સમયે, વાવાઝોડાને કારણે, કોલકાતા, ઉત્તર ૨૪ પરગણા સહિત પશ્ચિમ બંગાળના અન્ય શહેરોમાં ભારે વરસાદ અને તોફાન થયું હતું. જેના કારણે અનેક વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થઈ ગયાં હતાં, જેના કારણે રસ્તો બ્લોક થઈ ગયો હતો.બચાવકાર્યમાં તૈનાત મ્યુનિસિપલ ટીમ, પોલીસ, એનડીઆરએફની ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટીમે તાત્કાલિક વૃક્ષો કાપીને રસ્તો સાફ કરાવ્યો હતો. કોલકાતાને અડીને આવેલા નીચાણવાળા વિસ્તારોમાં રસ્તાઓ અને ઘરોમાં પાણી ભરાઈ ગયાં હતાં.

## નગરમાં ભીષણ ગરમીમાં ૩૫ લોકો સનસ્ટ્રોકનો ભોગ બન્યાં



છેલ્લા ૧૪ દિવસથી ગાંધીનગરમાં સવારે ૮થી ૧૨ કલાક સુધી ૮ અને સાંજે ૪થી ૮ કલાક સુધી ૧૨ કેસ લૂ લાગવાના નોંધાયા છે. જ્યારે તેની સામે બપોરે ૧૨થી ૪માં ૬ અને રાત્રે ૮થી ૧૨માં ૬ કેસ ઈમરજન્સી સેવા ૧૦૮માં નોંધાયા છે. આથી છેલ્લા ૧૪ દિવસમાં લૂ લાગવાના કુલ-૩૫ કેસ નોંધાતા ઈમરજન્સી સેવા ૧૦૮ સતત દોડતી રહી હતી.

ચાલુ વર્ષે ઉનાળાની સીઝનમાં ગરમીના પ્રકોપની અસર ચાલુ મે માસમાં જોવા મળી રહ્યો છે. તેમાં ગત તારીખ ૧૧મી, મેથી નગરનું મહત્તમ તાપમાન ૪૧ ડીગ્રીથી વધારે રહ્યું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૯ ડીગ્રીથી વધારે ઉંચું રહેતા લૂ લાગવાના કેસમાં ઉછાળો આવ્યો છે. તેમાં ઈમરજન્સી સેવા ૧૦૮ના માહિતગાર સૂત્રોના જણાવ્યા મુજબ ગત તારીખ ૧૧મી, મે-૨૦૨૪થી તારીખ ૨૪મી, મે-૨૦૨૪ સુધીમાં લૂ લાગવાના કુલ-૩૫ કેસ નોંધાયા છે. તેમાં ઉલટીના એક, હાઈ ફિવરના ૩૧, ચક્કર આવવાના ૨, અન્યના એક સહિત કુલ-૩૫ કેસ થાય છે. તેમાંય સવારે ૮થી ૧૨ કલાકના અને સાંજે ૪થી ૮ના સમયગાળામાં કેસ વધારે નોંધાયા છે.જેમાં સવારે ૮થી ૧૨માં હાઈ ફિવરના ૮ કેસની સામે સાંજે ૪થી ૮ સમયગાળામાં હાઈફિવરના ૧૦ કેસ, ચક્કરના એક અને અન્ય બિમારીના એક સાથે કુલ-૧૨ કેસ નોંધાયા છે. આથી સવારે અને સાંજના સમયે લૂનો ભોગ લોકો વધારે બની રહ્યા હોય તેમ ઈમજન્સી સેવા ૧૦૮માં નોંધાયેલા કેસ ઉપરથી લાગી રહ્યું છે.જ્યારે તેની સામે ભલે સતત ૧૪ દિવસ સુધી રાત્રીનું લઘુત્તમ તાપમાન ૨૯ ડીગ્રીથી વધારે રહ્યું હતું. તેમ છતાં રાત્રે ૮થી ૧૨ કલાકમાં હાઈફિવરના ૫ કેસ અને વોમીટીંગ તેમજ દુખાવો સહિતના એક સાથે કુલ-૬ કેસ નોંધાયા છે. જ્યારે બપોરે નગરવાસીઓ કામ સિવાય ઘરની બહાર નિકળવાનું ટા?ળ્યું હોવાથી કેસમાં ઘટાડો નોંધાયો છે.

આથી બપોરે ૧૨થી ૪ કલાક દરમિયાન હાઈ ફિવરના ૫ કેસ અને ચક્કર આવવાના ૧ સહિત કુલ-૬ કેસ નોંધાયા હતા. જ્યારે સામાન્ય સમયમાં કેસમાં કોઈ જ વધારો જોવા મ?ળતો નથી તેમ ઈમરજન્સી સેવા ૧૦૮માં નોંધાયેલા કેસ પરથી લાગી રહ્યું છે.

## સોનાના ભાવ આજે રૂ. ૪૦૦ અને ચાંદીમાં રૂ. ૧૦૦૦નો વધારો

અમદાવાદ,તા.૨૭

શેરબજારમાં આકર્ષક ઉછાળાની સાથે આજે કિંમતી ધાતુ બજારમાં પણ સુધારો જોવા મળ્યો છે. અમદાવાદ હાજર બજારમાં સોનું રૂ.૪૦૦ વધી રૂ. ૭૪૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામ જ્યારે ચાંદીની કિંમત રૂ. ૧૦૦૦ વધી રૂ. ૯૨૦૦૦ પ્રતિ કિગ્રા થઈ છે.

એમસીએક્સ પર ચાંદીના વાયદાના ભાવમાં રૂ.૧,૫૬૩ અને સોનામાં રૂ.૪૮૪નો ઉછાળો નોંધાયો છે. એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૭૧,૫૯૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૭૧,૭૫૦ અને નીચામાં રૂ.૭૧,૪૫૬ના મથાળે અથડાઈ, રૂ.૪૮૪ વધી રૂ.૭૧,૭૪૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૭૪ વધી રૂ.૫૮,૨૫૧ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૦ વધી રૂ.૭,૦૫૬ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૦ વધી રૂ.૭૧,૭૪૦ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૯૧,૪૭૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૨,૧૧૩ અને નીચામાં રૂ.૯૧,૪૬૧ના મથાળે અથડાઈ, રૂ.૧,૫૬૩ વધી રૂ.૯૨,૧૧૧ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧,૪૭૬ વધી રૂ.૯૧,૯૯૭ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧,૪૭૬ વધી રૂ.૯૧,૯૮૦ બોલાઈ રહ્યો હતો.

## ચારધામ યાત્રામાં અત્યાર સુધીમાં ૬૪ શ્રદ્ધાળુના મોત, અત્યાર સુધી ૯.૬૭ લાખ ભક્તોએ કર્યા દર્શન



હાલ ઉત્તરાખંડમાં ચાલી રહેલી ચારધામ યાત્રામાં ભક્તોનું ઘોડાપૂર જોવા મળી રહ્યું છે. દર વર્ષ કરતા આ વખતે સૌથી વધુ શ્રદ્ધાળુઓએ દર્શન કરી ગત વર્ષોના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. યાત્રાના માર્ગ પર કેટલાક સ્થળોએ ભીડ ઉમટી પડતા વ્યવસ્થા ખોરવાઈ છે. મળતા અહેવાલો મુજબ ચારધામ યાત્રામાં અત્યાર સુધીમાં ૬૪ શ્રદ્ધાળુના મોત થયા છે. આમાંથી કેદારનાથમાં ૨૭, બદ્રીનાથમાં ૨૧, યમુનોત્રીમાં ૧૩ અને ગંગોત્રીમાં ત્રણ લોકોના મોત થયા છે. ૧૦ મે-૨૦૨૪ના રોજ શ્રી કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રીના કપાટ તેમજ ૧૨ મેએ શ્રી બદરીનાથના કપાટ ખોલ્યા બાદ ૨૩ મે-૨૦૨૪ સુધીમાં કુલ નવ લાખ ૬૭ હજાર ૩૦૨ શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા છે. યમુનોત્રી ધામમાં એક લાખ ૭૯ હજાર ૯૩૨, ગંગોત્રી ધામમાં ૦૧ લાખ ૬૬ હજાર ૧૯૧, કેદારનાથ ધામમાં ૦૪ લાખ ૨૪ હજાર ૨૪૨ અને બદરીનાથ ધામમાં ૦૧ લાખ ૯૬ હજાર ૯૩૭ શ્રદ્ધાળુઓએ દર્શન કર્યા છેઆ વર્ષે વિતેલા વર્ષોની તુલનાએ લગભગ બમણી સંખ્યામાં શ્રદ્ધઆળુઓની ભીડ દર્શન કરવા આવી રહી છે. થોડા દિવસો પહેલા ગઢવાલના કમિશનરે કહ્યું હતું કે, 'ચારધામ યાત્રામાં ભીડને નિયંત્રણ કરવા માટે જરૂર પડશે તો દ્ભદ્ઘઈહ્લ અને ૈંĖની મદદ લેવાશે.' ચારધામ યાત્રાએ આવનારા શ્રદ્ધાળુઓ સરળતાથી દર્શન કરી શકે તે માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ચારધામની યાત્રા કરવા દેશભરમાંથી શ્રદ્ધાળુઓ પહોંચી રહ્યા છે. આ વખતે યમુનોત્રી અને ગંગોત્રી ધામમાં બહોળી સંખ્યામાં શ્રદ્ધાળુઓ (ૈંદ્બર્ક્ષૌદ્વિજ) ઉમટી પડતા ગત વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે. તો બીજી તરફ મંદિર સમિતિએ પણ ભક્તોની ભીડના ધ્યાને રાખી મોડી રાત સુધી મંદિર ખુલા રાખવાનો નિર્ણય કર્યો છે. જ્યારે ભીડ પર કાબુ મેળવવા પોલીસને પણ પરસેવો છુટી ગયો છે. કેદારનાથ યાત્રાને લઈ શ્રદ્ધાળુઓમાં સૌથી વધુ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જોકે બીજીતરફ મંદિરોમાં દર્શન કરવા માટે લાંબી લાઈનો પણ જોવા મળી રહી છે. આ સાથે વહિવટીતંત્રની સાથે સાથે પોલીસ તંત્ર પણ ભીડને કાબુમાં રાખવા અને શ્રદ્ધાળુઓને કોઈ અગવડ ન પડે તે તમામ બાબત પર ધ્યાન રાખી રહી છે.ચારધામ યાત્રાના દર્શન કરતા આવતા શ્રદ્ધાળુ ઓની સંખ્યા સતત વધી રહી છે.

## સેક્સ સ્કેન્ડલમાં ફસાયા પછી જર્મની ભાગી ગયેલા પ્રજ્વલ રેવન્નાનું પહેલું નિવેદન, '૩૧મીએ SIT સામે હાજર થઈશ'

કર્ણાટક સેક્સ સ્કેન્ડલનો મુખ્ય આરોપી પ્રજવલ રેવન્ના ૩૧ મે એ એસઆઈટીની સામે હાજર થશે. ઘટના સામે આવ્યા બાદથી પ્રજવલ રેવન્ના ફરાર છે. ગત દિવસોમાં જાણકારી સામે આવી હતી કે મામલો સામે આવ્યા બાદ તે વિદેશ ભાગી ગયો. પ્રજવલ રેવન્નાએ પોતાના નિવેદનમાં કહ્યું, મારા વિરુદ્ધ રાજકીય કાવતરું ઘડવામાં આવ્યું. હું ડિપ્રેશનમાં જતો રહ્યો હતો. અમુક શક્તિઓ મારા વિરુદ્ધ કામ કરી રહી છે કેમ કે હુ રાજકીય રીતે આગળ વધી રહ્યો છુ. ૩૧ તારીખે સવારે ૧૦ વાગે હુ જીૈંની સામે હોઈશ અને સહકાર આપીશ. મને ન્યાયપ્રણાલી પર વિશ્વાસ છે. મારા પર લગાવવામાં આવેલા આરોપો ખોટા છે. મને કાયદા પર વિશ્વાસ છે.

પ્રજવલ રેવન્નાએ કહ્યું કે વિદેશમાં મારા ઠેકાણા વિશે યોગ્ય જાણકારી ન આપવા બદલ હું પોતાના પરિવારના સભ્યો, પોતાના કુમારન્ના અને પાર્ટી કાર્યકર્તાઓની માફી માગવા ઈચ્છું છું.પ્રજવલે આગળ કહ્યું કે ૨૬ તારીખે જ્યારે ચૂંટણી ખતમ થઈ તો મારા વિરુદ્ધ કોઈ કેસ નહોતો. જીૈંની રચના થઈ નહોતી. મારા જવાના ૨-૩ દિવસ બાદ મે યુટ્યૂબ પર પોતાના ઉપર લાગેલા આ આરોપ જોયા. મે પોતાના વકીલ દ્વારા જીૈંને પત્ર લખીને ૭ દિવસનો સમય પણ માગ્યો.ગત દિવસોમાં કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ પ્રજવલ રેવન્નાનો ડિપ્લોમેટિક પાસપોર્ટ કેન્સલ કરવાની માગ કરી. આ દરમિયાન તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો અને તાત્કાલિક કાર્યવાહીની માગ કરી. પોતાના પત્રમાં સિદ્ધારમૈયાએ આને શરમજનક ગણાવ્યું કે રેવન્નાએ આરોપ સામે આવવાના તાત્કાલિક બાદ અને તેના વિરુદ્ધ પહેલો કેસ નોંધાયા પહેલા દેશ છોડવા માટે પોતાના રાજદ્વારી પાસપોર્ટનો ઉપયોગ કર્યો.

## તંત્રી લેખ......

# આરોપો-પ્રત્યારોપોમાં ભૂલાતા જરૂરી મુદ્દા

ચૂંટણી પ્રચારના હાલના ચરણોમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનાં કેટલાંક નિવેદનો પર કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ જે તત્પરતાથી વીડિયો પ્રતિક્રિયા આપી, તેમની સાથે આમને-સામને ખુલ્લી ચર્ચા માટે ઉત્સુકતા હોવી સ્વાભાવિક છે. તેમણે વડાપ્રધાનને ટીવી પર સીધી ચર્ચાનો પડકાર પણ ફેંક્યો. આ ચૂંટણીમાં વિરોધી પાર્ટીઓના શીર્ષ નેતાઓ વચ્ચે ટીવી પર સીધી ચર્ચાની પરંપરા અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, જાપાન, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકા સહિત લગભગ દરેક મોટા લોકતંત્રમાં છે. અમેરિકામાં રાષ્ટ્રપતિ ચૂંટણી ઉપરાંત રાજ્યોના ગવર્નરો અને સેનેટરોની ચૂંટણીઓ પહેલાં પણ ટીવી પર બેથી ત્રણ ચર્ચા થાય છે, જેનું આયોજન તટસ્થ પંચ દ્વારા આમંત્રિત નાગરિકો સમક્ષ કરાવવામાં આવે છે. રાષ્ટ્રપતિ બાઇડિન અને ટ્રમ્પ વચ્ચે કડવાશની પરાકાષ્ઠાને કારણે પાછલી રાષ્ટ્રપતિ ચૂંટણીમાં વાત 'શટ અપ' અને તૂ-તારી પર પહોંચી ગયા છતાં આ બંને આ વખતે પણ ચૂંટણીમાં બે ટીવી ચર્ચા માટે તૈયાર થઈ ગયા છે. ભારતમાં અત્યાર સુધી શીર્ષ નેતાઓ વચ્ચે ટીવી પર સીધી ચર્ચાની પરંપરા જ નથી. તેના અભાવમાં નેતા પોતાની જનસભાઓ અને મીડિયામાં એકબીજાના નિવેદનો અને ઢંઢેરાના બિંદુઓને મનમાફક તોડી-મરોડીને રજૂ કરતા રહે છે. ઈન્ટરનેટ મીડિયા પર વાતોને મનમાફક રંગ આપવાથી એવી ભ્રમજાળ ગૂંથાય છે, જેમાં મતદાર માટે વિવેકપૂર્ણ નિર્ણય લઈ શકવો કઠિન થતું જાય છે. તેથી જો ચૂંટણી પંચની દેખરેખમાં શીર્ષ નેતાઓ વચ્ચે ટીવી પર સીધી ચર્ચાના આયોજનની શરૂઆત થઈ શકે તો જ્વલંત મુદ્દા પર પાર્ટીઓ અને નેતાઓના અભિપ્રાય, સમાધાનને સમજવામાં મતદારોની સહાયતા થઈ શકે છે.

ભારતમાં સીધી ટીવી ચર્ચા કરાવવામાં બે વ્યાવહારિક સમસ્યાઓ આવી શકે છે. પાર્ટીઓની મોટી સંખ્યા અને ચર્ચામાં અનુશાસન જાળવીરાવું. પાર્ટીઓની ભારે સંખ્યાનો હલ તો રાષ્ટ્રીય અને રાજ્ય સ્તર પર જનસમર્થનની ન્યૂનતમ સીમાના આધાર પર થઈ શકે છે.

## પત્રાવળી-૪૮




પત્રમિત્રો,

જોતજોતામાં તો વિક્રમ સંવત ૨૦૭૪નું વર્ષ પસાર થઈ ગયું અને આવતીકાલે આવશે દેવઊઠી એકાદશી.

મનમાં જરા અમસ્તો જ વિચાર આવ્યો કે ખરેખર દેવ પોઢતા હશે ખરા કે આપણે એમનેઉઠાડવા પડે? મનમાંથી જવાબ મળ્યોપના, દેવ તો સદાય જાગતા. જાગવાનું તો ખરેખર આપણે છે. કારણ કે સડસડાટ વહ્યે જતા સમયની રફતાર જોડે તાલ આપણે મેળવવાનો છે. એની વણથંભી કૂચ સાથે કદમ તો આપણે મેળવવાનાં છે. વર્ષ બદલાયું, સમય પણ બદલાયો અને સમયની સાથેસાથે ઘણું બધું બદલાતું ગયું.

દેવિકાબહેને કહ્યું એમ આ પત્રવળીની સફરે આપણે નીકળ્યાં અને ઋતુઓ બદલાઈ ગઈ. સૂર્યની ગતિ પણ બદલાઈ ગઈ અને આપણી પત્રાવલિના વિષયો પણ આ બદલાતી મોસમની જેમ બદલાતા ગયા. શબ્દથી શરૂ કરીને સંવાદ અને સંવેદના, સ્પર્શ અને સ્મૃતિ સુધીની ભોમકા ખેડી અને હવે દેવિકાબહેને એક એવા સાવ અજાણ્યા-અગોચર વિશ્વની સફર આદરી જે આજ સુધી લગભગ સૌથી અજાણી જ રહી છે.

ચંદ્ર કે મંગળ પર જતા અવકાશયાત્રીઓ પાસે તો એ આખી ભ્રમણયાત્રાની બ્લૂ પ્રિન્ટ હાથવગી હશે પણ આ સપનાંની દુનિયા તો ભઈ સાવ અજાણી નહીં ? આ સપનાં ક્યારે અને કેમ આવે છે એની તો ખબર નથી પણ એ આવીને આપણને ઊંઘમાં પણ કશુંક કહી જાય. યાદ રહે અથવા ન પણ રહે પમુઠ્ઠીમાંથી સરી જતી કોરી રેતીની જેમ એને ગમે એટલું પકડવા મથીએ તોય એ આપણા માનસપટ પરથી સરી પણ જાય !

કોઈ એમ કહે કે એમાંય કોઈ સંકેત હોય છે. પણ આજ સુધી તો એને ઉકેલવા, એનો સાર પામવા કોઈ શાસ્ત્ર કે શાસ્ત્રીઓ પણ સો ટકા સફળ નથી થયા બરાબર ને? વળી બાકી હોય એમ સ્વપ્નના સંદર્ભ ઉકેલવા તો આજ સુધી અનેક મનોવૈજ્ઞાનીઓ પણ મથ્યા. સ્વપ્નના સંકેત પર આજ સુધી અનેક ધારણા-વિચારણા, ચર્ચાઓય ચાલી. સિગ્મંડ ફ્રોઈડ જેવા મનોવિજ્ઞાનીએ "ઈન્ટરપ્રિટેશન ઑફ ડ્રિમ્સ" નામનું પુસ્તક પણ લખ્યું. અલબત્ત એમની વિચારસરણી સાવ અલગ હતી એટલે એ અંગે આપણે ઊંડા ન ઊતરીએ પણ એક સત્ય કે તથ્ય એ છે કે આ ઊંઘમાં આવતાં સ્વપ્નો જો આપણને જાગતા કરી દે અર્થાત્ સચેત કરી દે તો કશુંક કરવાની નક્કર ભૂમિકા આપણને મળીય રહે ખરી.

સપનાંની વાત આવે અને દિવાસ્વપ્નની વાત ન કરીએ તો કેમ ચાલે ? દિવસે આવતું અલપઝલપ ઝોકાંમાંય ડોકાઈ જતું આ સપનું એટલે દિવાસ્વપ્ન. આ દિવાસ્વપ્ન પણ હોઈ શકે અને દિવસે જોયેલું સ્વપ્ન પણ હોઈ શકે કે જે આપણને રાતે પણ જાગતા કરી દે. ખુલ્લી આંખે જોયેલું સપનું એટલે આપણા મનમાં સતત ઘોળાયા કરતો, આપણામાં જીવતો એક મખમલી વિચાર જેને પરિપૂર્ણ કરવું જ છે એ જ આપણું ધ્યેય બની જાય.

જેમકે ન્યૂયોર્ક સિટીનો બ્રુકલીન બ્રિજ..

જ્હોન રોબલિંગ નામની એક વ્યક્તિએ ઉઘાડી આંખે જોયેલું સપનું જે સાર્થક કર્યુ એમના પુત્ર વૉશિંગ્ટન રોબલિંગે અને તે પણ કેવી અસહાય અવસ્થામાં ! જ્હોન રોબલિંગના આકસ્મિક અવસાન બાદ વોશિંગ્ટન રોબલિંગ પણ અકસ્માતે કશું જ બોલી શકવાને સમર્થ નહોતા ત્યારે એમના પત્નિ એમિલી વોશિંગ્ટન અને એન્જિનિયરિંગ ટીમ વચ્ચેની કડી બન્યાં. બંને વચ્ચેનો સંપર્ક અને સંચાર સાચવીને પતિએ હાથ પર આંગળીથી લખીને આપેલી સૂચના અને દોરવણી મુજબ કાર્ય પરિપૂર્ણ કરાવવાના માર્ગદર્શક બની રહ્યાં. અને આજે આપણી સમક્ષ છે એમના સપનાની સફળતાની ઝળહતી ગાથા જેવો આખાય ન્યૂયોર્ક અને મેનહટનની જેમ જ રાત્રે ઝગમગતો બ્રુકલીન બ્રિજ. આ થઈ એક એવા સપનાની વાત જે સેવ્યું હતું કોઈ એક જણે, પણ એ જગતભરમાં દીર્ઘકાલીન સંભારણું બની રહ્યું.

આવા તો કેટલાય ખુલ્લી આંખે જોયેલા સપના છે જે બુલંદ ઈમારત બનીને આપણી નજર સામે ઊભા છે. પછી એવી જ રીતે પાબ્લો પિકાસોના કોઈ પણ ચિત્રો હોય કે મોઝાર્ટની સિમ્ફની-એ પણ એમણે ખુલ્લી આંખે જોયેલાં અને સાકાર થયેલાં સપનાં જ તો વળી !

ક્યારેક વળી એક વાત વાંચવામાં આવી હતી. પિરાન્દેલોએ એક નાટકમાં લખ્યું હતું , "પથારીમાં મારી સૌથી નજીકની પ્રિયતમા મારી ઊંઘ છે. એણે જ સપનાં દેખાડીને મને જીવતો રાખ્યો છે." વાત તો સાવ સાચી. સપનાં તો જીવવાનું અને જીતવાનું બળ પણ છે અને ધ્યેય પણ. એ સાકાર થાય કે નહીં એ નક્કી નહીં પણ એને સાકાર કરાવતું સાહસ જ આપણામાં પ્રાણ ફૂંકે છે એ વાત તો નક્કી.

અને હા ! ક્યારેક મનોવિજ્ઞાનીઓ કહે છે એવુંય બને કે ઘણા ભાગે સપનાં આપણાં મનની ઊંડે ધરબાયેલી ઈચ્છાઓનો પડઘો પણ હોય. રાત્રે જોયેલું સપનું ભુલાઈ જાય એમાંયે કુદરતની કમાલ જ સમજવી કારણ કે જો એ આપણા મન પર અંકાયેલા રહે તો એ યાદ રહેતા તમામ સપનાંના પડછાયા આપણા દિવસોને અને મનને ના ઘેરી વળે ?

તો વળી કોઈ એવુંય કહેશે કે વહેલી સવારનું સપનું સાચું પડતું હોય છે. મને આવાં વહેલી સવારના સાચા પડતા સપનામાંય એટલો જ રસ. ક્યારેક ઊંઘમાંથી ઊઠીએ અને મન પ્રફુલ્લિતતા અનુભવતું હોય તો એવું સપનું કોને ના ગમે? મને તો ગમે.

ક્યારેક ભૂલથી પણ આવું યાદ રહી ગયેલું મઝાનું સપનું આપણા ચહેરા પર સ્મિત તો ક્યારેક આપણને ખડખડ હસતાં પણ કરી દે છે ને ? તો મિત્રો આ થઈ સપનાંના સાગરમાંથી ઉલેચેલા બે-ચાર બુંદની વાતો.

સપનાં વિશે જાણવાની અને માણવાની વાતોય ક્યાં ખૂટી ખૂટે એમ છે અને સપનાંનાં સરનામાંય ક્યાં હોય છે ? એને ક્યાં ઉગમણી કોર હોય છે કે આથમણી કોર? એની સીમા પણ અનંત છે.

મળીશું ફરી આવતા પત્રમાં..

રાજુલ કૌશિક

# અધિકારી અને રાજકારણીઓની મીલીભગત? : સુરતમાં પાંચ મોટા ગેમઝોન પાલિકાની બી.યુ.પરમિશન વિના જ ચાલતા હતા




રાજકોટમાં શનિવારે સાંજે બનેલી ગેમઝોન હોનારત બાદ સુરત પાલિકા તંત્રએ પણ શહેરમાં ચાલતા ગેમ ઝોનની તપાસ કરી ૧૦ જેટલા ગેમ ઝોનને વિવિધ ખામી માટે બંધ કરાવાયા હતા. પરંતુ આ કામગીરી દરમિયાન પાલિકાના અધિકારીઓ-કર્મચારીઓની મોટી બેદરકારી બહાર આવી છે. સુરત શહેરમાં એક બે નહીં પરંતુ પાંચ-પાંચ ગેમઝોન પાલિકાની બિલ્ડીગ યુઝ પરમીશન વિના જ ધમધમતા હતા. લાંબા સમયથી પાલિકાની પરવાનગી વિના આ ગેમઝોન ચાલતા હતા તો પાલિકાના અધિકારી કર્મચારીઓએ આ ગેમ ઝોન કેમ બંધ કરાવ્યા નહીં ? શુ પાલિકા અને અન્ય તંત્ર તક્ષશિલા કે રાજકોટ જેવી મોટી દુર્ઘટનાની રાહ જોતા હતા ? આવા અનેક પ્રશ્નો ઉભા થયા છે. રાજકોટમાં ગત શનિવારે સાંજે એક ગેમઝોનમાં લાગેલી આગમાં ૩૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને લોકોનો રોષ ફાટી નિકળ્યો હતો. આ દુર્ઘટના બાદ સુરત પાલિકા તંત્ર જાગ્યું છે અને શનિવારે રાત્રીથી રવિવારે મોડી સાંજ સુધી શહેરમાં ચાલતા ગેમ ઝોનમાં ચકાસણી કરી હતી અને ૧૦ ગેમ ઝોન બંધ કરાવ્યા હતા તેમાંથી અડધોઅડધ એટલે કે પાંચ ગેમ ઝોન પાસે પાલિકાની બી.યુ. પરમીશન હતી જ નહીં.સુરત પાલિકામાં વિસ્તારમાં લોકો પોતાના રહેવા માટે ઘર બનાવે છે અને જો તેમાં પાલિકાની બિલ્ડીગ યુઝ (બી.યુ.) પરમીશન ન હોય અને વસવાટનો પ્રયાસ કરવામા આવે તો પાલિકા તંત્ર આકરી કામગીરી કરે છે. પરંતુ સુરતમાં લાંબા સમયથી પાંચ પાંચ ગેમ ઝોન પાલિકાની બી.યુ પરમિશન વિના કેવી રીતે ચાલતા હતા? તે લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. લોકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે બધા નિયમો સામાન્ય લોકો માટે જ હોય છે. રાજકારણીઓ અને અધિકારીઓની મીલી ભગતના કારણે આ ગેમ ઝોન બી.યુ પરમિશન વિના ચાલતા હતા

# અરવલ્લી : LCBએ રામનગર પાસે બાઈકના પાયલોટીંગ સાથે બાઈક પર દારૂની ખેપ નિષ્ફળ બનાવી ૨૫૩ બોટલ જપ્ત કરી




અરવલ્લી જીલ્લા જીૅ શૈફાલી બારવાલના માર્ગદર્શન હેઠળ જીલ્લા એલસીબી પોલીસ જીલ્લામાં વણઉકેલ્યા ગુન્હા અને અસામાજીક પ્રવૃતિઓ અટકાવવા સતત દોડાદોડી કરી રહી છે ભિલોડાના રામનગર નજીક એલસીબી પોલીસે બાઈકના પાયલોટીગ સાથે પલ્સર બાઈક પર થતી વિદેશી દારૂની હેરાફેરી અટકાવી ૩૭ હજારના વિદેશી દારૂ સાથે બે બાઈક જપ્ત કરી ૧.૫૭ લાખનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસ નાકાબંધી જોઈ ફરાર ચારે બુટલેગરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા એલસીબી પોલીસે શામળાજી પોલીસને ઉંઘતી રાખી બાઇક પર દારૂની હેરાફેરીનો પર્દાફાશ કરી સ્થાનિક પોલીસની કામગીરી સામે અનેક સવાલ પેદા કર્યા છે

અરવલ્લી જીલ્લા ન્ઝ્રમ્ૈં ડી.બી.વાળા અને તેમની ટીમે શામળાજી પોલીસ સ્ટેશન વિસ્તારના રામનગર નજીક પેટ્રોલીગ હાથધરતા વણઝર ગામ તરફથી બાઈક પર પાઈલોટિંગ સાથે પલ્સર બાઈક પર વિદેશી દારૂ ભરી બુટલેગરો આવી રહ્યા હોવાની બાતમી મળતા એલસીબી પોલીસે રામનગર નજીક નાકાબંધી કરી વોચ ગોઠવતા દારૂ ભરેલી પલ્સર બાઈકનું પેટ્રોલિંગ કરતી હોન્ડા સાઈન બાઈક આવતા પોલીસે અટકાવાનો પ્રયત્ન કરતા થોડી આગળ ઉભી રાખી બાઈક પર પેટ્રોલિંગ કરનાર બંને બુટલેગરો ખેતરમાં ફરાર થઈ ગયા હતા પાછળ આવતી પલ્સર બાઈકચાલક બુટલેગર અને તેનો સાથી પોલીસ નાકાબંધી જોઈ રોડ પર પલ્સર બાઈક તેમજ દારૂ ભરેલ ત્રણ થેલા રોડ પર નાખી ભાગી જતા બંને બિનવારસી બાઈક જપ્ત કરી ત્રણ કાપડના થેલામાં રહેલ વિદેશી દારૂની બોટલ-બિયર ટીન નંગ-૨૫૩ કિં.રૂ.૩૭૩૫૨ અને બંને બાઈક મળી કુલ રૂ.૧.૫૭ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી ચારે ફરાર અજાણ્યા બુટલેગરો સામે શામળાજી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

# રાજકોટ : કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનિમલ હેલ્પલાઈન દ્વારા ગ્રોથ સેશન ટ્રેનીંગ સેમિનાર યોજાયો



કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ,એનિમલ હેલ્પલાઈન દ્વારા સ્ટાફ મિત્રો અને દર્શકો માટે લાઈવ સ્ટ્રીમ ટ્રેનીંગ સેમિનાર યોજાયો હતો. જેમાં ટ્રેનર કૌશલ માંડલિયાએ કમ્યુનિકેશન સ્કિલ્સ વિશે જાણકારી આપી હતી. કૌશલ માંડલિયાએ પાવર કમ્યુનિકેશન,સિક્સ 'ઝ' ઓફ ગિવિંગ ગૂડ ઈન્ફોર્મેશન અને ટાઈપ્સ વર્તન બાબતે પ્રેઝન્ટેશનના મધ્યમથી વિસ્તારપૂર્વક જાણકારી આપી હતી. તેમણે સમજાવ્યું કે જ્યારે પણ આપણે કમ્યુનિકેશન કરીએ ત્યારે પહેલા પૂરી જાણકારી લેવી અને માહિતી લઈને પછી અભિપ્રાય પ્રસ્તુત કરવો જોઈએ. ત્યાર બાદ આપણે કેવા કેવા પ્રકારની ભૂલો કરીએ તેના વિશે જાણકારી આપી હતી. તે ઉપરાંત કમ્યુનિકેશનના અલગ-અલગ વિડીયો અને રમતો રમાડીને માહિતગાર કર્યા હતા અને દરેક વ્યક્તિમાં અલગ અલગ પ્રકારના વર્તન હોય છે તે વિષે માહિતગાર કર્યા હતા.તેમજ ૮૦% કામની સમસ્યા સરખી રીતે કમ્યુનિકેશન ન થતું હોય તેમના લીધે થતી હોય છે. કમ્યુનિકેશન ત્રણ ભાગમાં વહેચાયેલુ હોય છે (૧) જે આપણે બોલીએ છીએ (૨) કયા ટોનમાં વાત કરીએ છીએ (૩) બોડી લેંગ્વેજ વિશે માહિતી આપી હતી . ત્યાર બાદ કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટના મિત્તલ ખેતાણીએ સેમિનારનો સાર રજૂ કર્યો અને સ્ટાફ મિત્રોએ પોતાનો પ્રતિભાવ વ્યક્ત કરી કૌશલ માંડલિયાનો આભાર વ્યકત કર્યો હતો.

# વડોદરાની જનતા સ્માર્ટ મીટરના મુદ્દે કોર્ટના દ્વાર ખખડાવશે

વડોદરામાં સ્માર્ટ વીજ મીટરની આગ દિન પ્રતિદિન વધુ પ્રજ્વલિત થઈ રહી છે ત્યારે જુના મીટરમાં એવી તો શું ખામી આવી કે રાતોરાત સ્માર્ટ મીટર લગાવવાનું શરૂ કર્યું. આ અંગે જે લોકોને ત્યાં સ્માર્ટ મીટર લાગી ગયા છે તેવા વડોદરાના કેટલાક વિસ્તારો સહિત આસપાસના ભોગ બનેલા ગ્રામ્યજનોને એકત્ર કરીને સામાજિક કાર્યકરના નેજા હેઠળ જન આંદોલન અને ધરણાનો કાર્યક્રમ નક્કી કરવા સહિત કોર્ટના દ્વાર પણ ખખડાવવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરના અકોટા ફતેગંજ ગોરવા સહિત અન્ય કેટલાક વિસ્તારોમાં સ્થાનિક રહીશોના જુના વીજ મીટર કાઢીને નવા સ્માર્ટ વીજ મીટર લગાવી દેવાયા છે. જેમાં સ્થાનિક રહીશ પાસેથી યેનકેન જૂનું રનીંગ વીજ બીલ માંગી લેવામાં આવે છે અને નહીં આપનારને દાઢ ધમકી આપવા સહિત ધરપકડ તથા રૂપિયા ૧૦ હજાર સુધીની દંડની કાર્યવાહીની પણ બીક બતાવવામાં આવે છે. જુના વીજબિલ કરતા સ્માર્ટ મીટરનું બિલ ત્રણ ગણું આવતું હોવાની ફરિયાદો ઠેર ઠેર થી ઉઠી રહી છે જુના મીટરમાં બે મહિનાનું મળતું વીજ બિલ માત્ર ૧૫ દિવસમાં સ્માર્ટ વીજ મીટરમાં રિચાર્જ કરાવવું પડે છે. પરિણામે સ્માર્ટ વીજ મીટરનો ઠેર ઠેરથી વિરોધ શરૂ થયો હતો અને સ્થાનિક લોકોએ પોતાના વિસ્તારની વીજ નિગમ કચેરીએ આ અંગે હલ્લો પણ મચાવ્યો હતો. ભારે વિરોધ થવાના કારણે રાજ્ય સરકારે તાત્કાલિક અસરથી વીજ મીટર નહીં લગાવવા અંગે પણ વીજ અધિકારીઓને જણાવી દીધું હતું. પરંતુ આ અગાઉ શહેરના વિવિધ વિસ્તારો સહિત આસપાસના ગામડાઓમાં પણ સ્માર્ટ વીજ મીટરની આગ ભભૂકવા માંડી હતી ઠેર ઠેર આ અંગે વિરોધ પણ શરૂ થયો હતો. દરમિયાન જૂના વીજ મીટરમાં એવી તો શું ખામી આવી કે તાત્કાલિક ધોરણે સ્માર્ટ વીજ મીટર લગાવવાનું શરૂ કરી દેવાયું હતું.

# શિશુવિહારમાં ૧૦૦ શ્રમિક બહેનો નું અભિવાદન




આઝાદી પૂર્વે બહેનો સ્વાવલંબી અને શિક્ષિત બને તેવા ભાવથી શિશુવિહાર ની સેવા પ્રવૃત્તિ ને પ્રોત્સાહિત કરનાર ભાવનગર મહારાજા કૃષ્ણકુમારસિંહજી ના કાર્યકાળ થી ચાલતી સીવણ તાલીમ ના લાભાર્થી ૧૧૦૦૦ બહેનો તેમજ ૪૦૦૦ ભાઈઓ ની માહિતી પુસ્તિકા નું વિમોચન સંસ્થા પ્રાંગણ માં થયું..

જ્યોતિ મહિલા મંડળ ના સ્થાપક શ્રી લીલીબહેન પરિવાર ના સદસ્ય શ્રી રાજુભાઈ દવે , પ્રાધ્યાપક શ્રી પ્રવીણભાઈ ઠક્કર તથા શ્રી આરીફ ભાઈ કાલ્વા ની પ્રેરક ઉપસ્થિતિ માં તારીખ ૨૪ મે ના રોજ યોજાયેલ સમારોહ માં સીવણ સંચા ને કલ્પતરુ માંથી તેના આધારે પોતાના પરિવાર ને બેઠો કરનાર ૧૦૦ શ્રમિક બહેનોનું અભિવાદન થયું...

આ પ્રસંગે રોટરી ક્લબ ભાવનગર દ્વારા ૧૨ જરૂરિયાતમંદ ગરીબ બહેનો સીવણ સંચા આપવામાં આવેલ સાથોસાથ તમામ બહેનો ને શ્રી મહેરૂનિશાબેન કાલ્વા તરફ થી સીવણ કીટ અર્પણ કરવામાં આવેલ..

૬૦૦૦ બહેનો ને સીવણ તાલીમ થી સજ્જ કરનાર શ્રી ગુલાબબા ગોહિલ નું વિશેષ અભિવાદન સાથે સંપન થએલ સમારોહ માં લાભાર્થી બહેનોએ પણ તાલીમ ની ઉપયોગીતા જણાવતા શિશુવિહાર સંસ્થા પ્રત્યે ઋણ સ્વિકાર ભાવના વ્યકત કરી હતી..

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું